# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

**AUDA**

સરદાર વલ્લભભાઇ પટેલ સંકુલ, ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ-14
ફોન : (ઓફિસ) 27545051 - 54. ફેક્સ : (079)-27545061
ઈ મેઇલ : auda_urban@yahoo.co.in વેબસાઈટ : www.auda.org.in


અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અમદાવાદ

**FORM: D**
નમુનો: ધ
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯, નિયમ-૧૦

## વિકાસ માટે પરવાનગી

શ્રી **SHILP CONSTRUCTION PARTNER DEEP. N. PATEL & OTHERS/GROUND FLOOR, OPP.- GRAND BHAGAVATI HOTAL,NR.-AVALON HOTAL , AND JAHNVI BUNGALOWS, OFF.-S.G. HIGHWAY BODEKDEV. AHMEDABAD.** ને
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-1976 (સન. 1976 ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં 27) ની કલમ-29 (1)(i),29(1) (ii), 49(1) (b) હેઠળ મોજે ગામ **BOPAL** તાલુકો **DASCROI** જીલ્લો **AHMEDABAD** નગર રચના યોજના નં. **T.P.3(Bopal)** રે.સ.નં./બ્લોક નં **BL.- 472/A, 472/B, & 472/C** હિસ્સા નં -- મુળખંડ નં **142** અંતિમખંડ નં **142/2/1, 142/1** સબપ્લોટ નં --- ટેનામેન્ટ નં **BL.-- A+B, C+D+E** ની **5476.00** ચો.મી
જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધીન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

બિલ્ડિંગ ટાઇપ :**Residential Affordable Housing** કામનું વર્ણન:

| અ.નં. (1) | માળ (2) | બાંધકામ(બિલ્ટઅપ)નું ઉપયોગી ક્ષેત્રફળ (ચો.મી.) (3) | બાંધકામનો ઉપયોગ (4) | એકમની સંખ્યા (5) | રિમાર્ક (6) |
|---|---|---|---|---|---|
| 1 | સેલર/ભોંયરૂ (૧) | 6087.84 | PARKING | --- | "R.A.H" (RESIDENTIAL AFFORDABLE HOUSING) |
| 2 | ગ્રાઉન્ડ ફ્લોર (હેલોપ્લીન્થ) | 2591.23 | SHOP+CLUB HOUSE+PARKING | 16(S) +01 | BLOCK-A+B,C+D+E,+CLUB HOUSE |
| 3 | ફર્સ્ટ ફ્લોર | 2403.61 | SHOP+RESIDENTIAL | 16(S)+14(R) | F.S.I.ON PAYMENT = 6894.33 SQ.MT. |
| 4 | સેકન્ડ ફ્લોર | 2169.72 | SHOP+RESIDENTIAL | 14(S)+14(R) | (9TH. TO 14TH. FLOOR) |
| 5 | થર્ડ ફ્લોર | 1601.80 | RESIDENTIAL | 14 | |
| 6 | ફોર્થ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 7 | ફીફ્થ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 8 | સીક્સ્થ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 9 | સેવન્થ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 10 | એઈટથ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 11 | નાઈન્થ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 12 | ટેન્થ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 13 | ઇલેવેન ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 14 | ટ્વેલ્વ ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 15 | થર્ટીન ફ્લોર | 1909.16 | RESIDENTIAL | 18 | |
| 16 | ફોર્ટીન ફ્લોર | 1159.87 | RESIDENTIAL | 10 | |
| 17 | સ્ટેર કેબીન | 370.28 | --- | --- | |
| 18 | મશીન રૂમ | 265.56 | --- | --- | |
| | કુલ: | 35741.51 | SHOP+RESIDENTIAL+CLUB HOUSE+PARKING | 46(S)+232(R)+01(CL.H.)=279 | |

ખાસ શરતઃ-(૧)નકશામાં હેચથી દર્શાવેલ પબ્લીક ડોમેઇનવાળી જગ્યામાં કોઇપણ પ્રકારનું બાંધકામ કરવાનું રહેશે નહી.(૨)પોટેબલ તથા ટ્રીટેડ પાણીની બે અલગ-અલગ ટાંકીઓનું આયોજન તથા તે અનુસાર ડબલ પ્લબીંગ સીસ્ટમનું આયોજન કરવાનું રહેશે.(૩)પ્રશ્નવાળા સૂચિત બાંધકામ અંગે **Chief Fire Officer-AMC** ના તા.૨૮/૪/૨૦૧૬ ના અભિપ્રાય મુજબ, બાંધકામપૂર્ણ થયે,વપરાશ પ્રમાણપત્ર મેળવતા પહેલા,**"Fire Service Officer"** નું ના વાંધા પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. તથા **G.D.C.R.** મુજબ **"Fire Protection Consultant"** ની નિમણૂંક કરવાની શરતે સદર વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

9 AUG 2016

ખાસશરત : નામ સુપ્રિમ કોર્ટ SLP(CIVIL) નં. ૪૪૫૦-૪૪૫૧/૨૦૧૪ માં જે આખરી જજમેન્ટ આવે તે બંધનકર્તા રહેશે. તે બાબતે અરજદારશ્રીએ આપેલ બાંહેધરી પત્રકને આધીન આ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

રવાના કર્યું, મારફત

નોંધ પર ચેરમેનશ્રીની સહી છે

મદદનીશ નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ.

(સહી)
સીનીયર નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

ક્રમાંક: PRM/113/5/2016/413
તારીખ: 05/08/2016

**ખાસ શરતો:-**

૧ આ વિકાસ પરવાનગીથી જી.ડી.સી.આર ના વિનિયમ નં. 30 મુજબ તેમજ અન્ય લાગુ પડતા કાયદા/નિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી.

૨ વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર વિકાસ શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં.2(D) નું ઍનેક્ષર, સ્ટ્રક્ચરલ ડ્રોઈંગ્સ, વર્કીંગ ડ્રોઈંગ્સ તથા સોઈલ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયમાનુસાર રજુ કરવાના રહેશે.

૩ બાંધકામ નીચેના દરેક તબક્કે ફૉર્મ નં ૧૦ માં દર્શાવેલ મુજબ કમેન્સમેંટ રીપોર્ટ તથા ફૉર્મ નં ૧૧ માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબક્કાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે. અ. પ્લીન્થ અથવા ભોયરાનું બાંધકામ હોય તો ભોયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલાં બ. પ્રથમ માળના ક. બહુમાળી મકાનમાં વચ્ચેના માળના બાંધકામ વખતે ડ. છેલ્લા માળના બાંધકામ વખતે

૪ જી.ડી.સી.આર ની જોગવાઈ તથા સરકારશ્રીના તા.૨૯-૫-૨૦૦૧ ના સ્ટ્રક્ચર સેફટી અંગેના હુકમના વિનિયમ નં.૩ અનુસાર બાંધકામના સ્થળની જરૂરિયાતોની જોગવાઈઓનું પાલન થયેથી સ્થળ ઉપર બાંધકામ શરૂ કરવાનું રહેશે.

૫ સેપ્ટીક ટૅંક તથા સોકવેલની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈએસ ૨૪૭૦) તથા જી.ડી.સી.આર ના વિનિયમ નં.૨૩.૧૦.૧ મુજબ સીવરેજ ના નિકાલની વ્યવસ્થા કરવાની રહેશે. તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કીટેકટ/ઈજનેર/ સ્ટ્રક્ચરલ ઍન્જીનીયર/કલેક ઓફ વર્કસ/સાઈટ સુપરવાઈઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

૬ ચીફ ફાયર ઓફિસરશ્રી, અ. મ્યુ.કોર્પો. ના અભિપ્રાય મુજબ તમામ નિયમો અને શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૭ ટેલીકોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટની જોગવાઈ મુજબ ટેલીફોનની સુવિધા માટે ખાસ જોગવાઈ જમીન માલિકે કરવાની રહેશે.

૮ જી.ડી.સી.આર. વિનિયમ નં.૬.૨ તથા ૬.૩ મુજબની તમામ માહિતી સ્થળ ઉપર (નોટીસ બોર્ડ)પ્રસિધ્ધ કરવાની રહેશે.

૯ બાંધકામ પૂર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરૂ કરતા પહેલા નિયમાનુસાર અત્રેથી બાંધકામનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરૂ કરવાનો રહેશે.

૧૦ ૧.ડ્રા.ટી.પી. સ્કીમ સરકાર શ્રી દ્વારા મંજુર થયેલ, ટી.પી.ઓ.દ્વારા નિર્ણય લેવામાં આવશે તે બંધનકર્તા રહેશે.
૨.રેલ્વેથી 30.0 મી. કન્ટ્રોલ લાઈનમાં આવતાં મકાનોનું બી.યુ. પરમીશન લેતાં પહેલા રેલ્વેની N.O.C લાવવાની રહેશે.

૧૧ જી.ડી.સી.આર વિનિયમ નં.૨૬.૧, ૨૬.૨ તથા ૨૯ મુજબ અરજદારશ્રી/ડેવલપરશ્રી/કબજેદારશ્રી ઓ એ વર્તવાનું રહેશે.

**શરતો:-**

૧ વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોનો ભંગ કરવામાં આવશે તો સત્તામંડળ તે શરતોનો અમલ જવાબદાર ઈસમના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકશે અને સત્તામંડળના તેવા કૃત્યને લીધે જે નુકશાન, ખોટ કે હરકત થાય તે બદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહી.

૨ વિકાસ પરવાનગીના કારણે અરજદારને જી.ડી.સી.આર ૩.૩ (a,b,c,d,e) અંગેની મંજુરી મળતી નથી પરંતુ બાધકામ અંગેની મંજુરી આપવામાં આવે છે.

૩ વિકાસ પરવાનગીથી ખાનગી હક્કો અંગે સત્તામંડળની કોઈપણ જવાબદારી રહેતી નથી.

૪ મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમખંડની હદ, માપ, ક્ષેત્રફળ તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઑફીસરશ્રી દ્વારા ફેરફારને પાત્ર છે.

૫ પ્લોટની હદ, આંતરિક રસ્તા ઉપર, કોમન પ્લોટમાં કોઈને અંતરાય રૂપ ન થાય, તે રીતે યોગ્ય સ્થળોએ ૨૦૦.૦૦ ચોરસ મીટર જમીનમાં વિસ્તાર દીઠ ત્રણ વૃક્ષ (જી.ડી.સી.આર શેડ્યૂલ ક્રમાંક-૨૪ મુજબના) ઉગાડવાનાં રહેશે.વૃક્ષો ની ફરતે જરૂરીયાત મુજબ ટ્રી ગાર્ડ રાખી વૃક્ષો ની સારસંભાળ રાખવાની જવાબદારી જમીન માલિક તથા વિકાસ પરવાનગી મેળવનારની રહેશે.

૬ લેઆઉટમાં દર્શાવેલ આંતરિક રસ્તાઓ પાકા કરવાના રહેશે.

૭ વખતો વખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક, હિતસંબંધ ધરાવતી વ્યકિત/સંસ્થા તેમજ અરજદારને બંધનકર્તા રહેશે.

૮ સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલ રજીસ્ટ્રેશન ધરાવતી કોઈ વ્યકિત બદલાય તો નવા જમીન માલિક અંગેના પુરાવા રજૂ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યકિતની નિમણુંક ન થાય ત્યાં સુધી જી.ડી.સી.આર./જીડીઆર ના વિનિયમ ૪.૬/૪.૭ મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે. સદરહુ સમય દરમ્યાન થયેલ બાંધકામ બિનાધિકૃત ગણાશે.

૯ સરકારશ્રીના તા.૨૯-૫-૨૦૦૧ ના સ્ટ્રક્ચરલ સેફટી અંગેના એનેક્ષર **XI** ના વિનિયમ ૧૩,૧૪,૧૫ ની જોગવાઈ અનુસાર ભૂકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઈમારતી માલ સામાનની ગુણવત્તા અને તેની ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતે અંગે નિષ્ણાંતોની સલાહ સૂચન મુજબ પગલા લેવાની તમામ જવાબદારી આર્કીટેકટ/ઈજનેર/ સ્ટ્રક્ચરલ ઍન્જીનીયર/કલેક ઓફ વર્કસ/સાઈટ સુપરવાઈઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે. આ અંગે સત્તામંડળ ની કોઈ જવાબદારી રહેશે નહી.

૧૦ આ વિકાસ પરવાનગી પત્ર મંજૂરી આપ્યા તારીખથી બાર માસ સુધીજ અમલમાં રહેશે. ત્યારબાદ અધિનિયમની કલમ-૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદત વધારવાની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૧ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઈ ફેરફાર થાય તો સત્તામંડળ આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકશે.

૧૨ જી.ડી.સી.આર/જીડીઆર ના વિનિયમ ૩.૬/૪.૭ મુજબ અરજદારશ્રીએ ખોટી રજુઆત અથવા ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ થયેલ ગણાશે.

રવાના કર્યું, મારફત

નોંધ પર ચેરમેનશ્રીની સહી છે

9 AUG 2016

મદદનીશ નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ.

ક્રમાક: PRM/113/5/2016/413
તારીખ: 05/08/2016

સીનીયર નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઇ પટેલ સંકુલ, ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ-14
ફોન : (ઓફિસ) 27545051 - 54. ફેકસ : (079)-27545061
ઈ મેઇલ : urban@icenet.net વેબસાઈટ : www.audaonline.org

**AUDA**

## જમીન આકવા ભાગ કરવાની અરજીની મંજુરી

શ્રીયુત : **SHILP CONSTRUCTION PARTNER DEEP. N. PATEL & OTHERS/GROUND FLOOR, OPP.- GRAND BHAGAVATI HOTAL,NR.-AVALON HOTAL , AND JAHNVI BUNGALOWS, OFF.-S.G. HIGHWAY BODEKDEV. AHMEDABAD.** સરનામુ : આપે **BOPAL** ગામના **T.P.3(Bopal)** સ્કીમના

**BL.- 472/A, 472/B, & 472/C** સર્વે નંબર ના **142/2/1, 142/1** ફા. પ્લોટ નંબરના કુલ સર્વે નં./બ્લોક નં./અંતિમ ખંડ નં./સબ પ્લોટ નં.----

એકત્રિકરણ કરવા મા નવા રસ્તા મૂકી પ્લોટ પાડવા અંગેના લેઆઉટ પ્લાન તા.**05/08/2016** ના રોજ નીચે જણાવેલ શરતોને આધીન મંજુર કરવામાં આવ્યો છે અને તે મંજુર થયેલા પ્લાનની સહીવાળી નકલ આ સાથે મોકલવામા આવી છે.

શરતો:-

1 ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976ની કલમ 26 થી 49 પ્રમાણે નગર રચના યોજના વિસ્તારમા જમીન આવેલી હશે તો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976ની કલમ 26 થી 49 મો જણાવ્યા પ્રમાણેનુ કોઇપણ વિકાસ કામ કરતા પહેલા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની જરૂરી મંજુરી મેળવવી પડશે.લેંડ રેવન્યુ કોડની કલમ 65 પ્રમાણે જમીનનો બિનખેતી ઉપયોગ શરૂ કરતા પહેલા જિલ્લા વિકાસ અધિકારીશ્રી / ક્લેક્ટરશ્રીની જરૂરી પરવાનગી મેળવવી પડશે

2 ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 પ્રમાણે આ વિકાસ યોજનાની અને નગર રચના યોજનાની દરખાસ્તો અને રેગ્યુલશનોને આધીન રહીને એકત્રિકરણ / ભાગલા પાડવાની રજા સ.નં અગર અંતીમખંડ અગર એવી જમીન જો માલીકના કબજામા હશે તે શરતે મંજુરી આપવામા આવી છે.

3 (અ) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 મુજબ વિકાસ યોજના તથા નગર રચના યોજનાનાં રેગ્યુલશની રૂએ જે કોઇ અંકુશ અને શરતો મૂકવામા આવ્યા હોય તેનાથી જો કોઇ નુક્સાન થાય તેમ હોય તો આ નુક્સાનના કોઇપણ બદલા મગ્યા સિવાય માલિકને તે મુજબ શરતોનો અમલ કરવાનો રહેશે. (બ) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 મુજબ આપેલ વિકાસ માટેની પરવાનગીમાં જે શરતો મૂકી હશે તે શરતો પણ મલિકે પાળવાની રહેશે.

4 એકત્રિકરણ / ભાગલાની આપેલ મંજુરીની અંદર બનાવેલી શરતો માંથી કોઇપણ શરતોનો ભંગ કરવામા આવશે તો અમદાવાદ શહેરી વિકસ મંડળ તે શરતોનો અમલ કરાવી શકશે અને અમદાવાદ શહેરી વિકસ મંડળના તેવા કૃત્યને લીધે જે કાઇ નુક્સાન, ખોટ કે હરકત માલિકને થાય તે બદલ કોઇ પણ બદલા મળી શકશે નહિં.

5 ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976ની કલમ 98 પ્રમાણે ફરિયાદ કરવામા આવશે અને તે શરત ભંગ તેમા જણાવ્યા પ્રમાણે દંડને પાત્ર રહેશે.

6 અંતિમખંડની હદ તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રી દ્વારા ફેરફારને પાત્ર રહેશે.

7 મંજુર કરેલી એકત્રિકરણ / ભાગલા પ્લાનમા નિયમાનુસાર રસ્તાઓ મુકવાના રહેશે.

ખાસશરત : નામ સુપ્રિમ કોર્ટ SLP(CIVIL) નં. ૪૪૫૦-૪૪૫૧/૨૦૧૪ માં જે આખરી જજમેન્ટ આવે તે બંધનકર્તા રહેશે. તે બાબતે અરજદારશ્રીએ આપેલ બાંહેધરી પત્રકને આધીન આ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

8 બાંધકામ માટેના પ્લાન યુ.એલ.સી. હેઠળ મળેલ એન.ઓ.સી. ની શરતો તેમજ અન્ય નિયમો પ્રમાણે બનાવી વિકાસ પરવાનગી માટે રજુ કરવાના રહેશે.

9 આ પરવાનગીની કોઇપણ શરતોનો ભંગ થતા આ પરવાનગી આપોઆપ રદબાતલ થયેલી ગણાશે, અને ગેરકાયદેસરનુ ગણી તે પરત્વે કાયદાનુસાર પગલાં લેવા પાત્ર થશે.

રવાના કર્યું, મારફત

9 AUG 2016

મદદનીશ નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ.

નોંધ પર ચેરમેનશ્રીની સહી છે

સીનીયર નગર નિયોજક
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ

ક્રમાંક: PRM/113/5/2016/413
તારીખ: 05/08/2016